ફિક્સ પગારથી ફરજ બજાવતા જેલ સિપાઈ(મહિલા/પુરુષ)ને બીજા ચોથા શનિવાર, રવિવાર તથા જાહેર રજામાં બજાવેલ ફરજ બદલ વળતર આપવા બાબત.

# ગુજરાત સરકાર

## ગૃહ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃજલમ/૫૦૨૦૧૪/૧૦/જ.**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ ૨૦/૧૦/૨૦૧૪.**

<u>વંચાણે લીધા:-</u>

(૧) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી,ગુજરાત રાજ્ય,અમદાવાદના તા.૩૦/૧૨/૨૦૧૩ નો પત્ર ક્રમાંક: મકમ/ખ/૨/૩૪૪૪/૨૦૧૩ અને તા.૨૯/૩/૨૦૧૪ના પત્ર ક્રમાંક:મકમ/ખ/૨/૭૩૩/૨૦૧૪.
(૨) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૮/૧/૧૯૮૮ના ઠરાવ ક્રમાંક: જલમ/૫૦૮૭/૪૩૨૭/જ.

<u>ઠરાવ:</u>

જેલ ખાતામાં વર્ગ-૩ સંવર્ગના એટલે કે સિપાઇ, હવાલદાર તથા સુબેદાર સંવર્ગના કર્મચારીઓ કે જેઓ જાહેર રજાના દિવસોમાં ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક(૨) ઉપરના ઠરાવ મુજબ વળતર રૂપે એક દિવસનો પગાર રોકડ સ્વરૂપે ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે. જેલ ખાતાના વર્ગ-૩ સંવર્ગના સિપાઇથી સુબેદાર સંવર્ગ સુધીના કર્મચારીઓ કે જેઓ દ્વારા જાહેર રજાના દિવસોમાં બજાવેલ ફરજના વળતર પેટે એક દિવસનો પગાર ચૂકવવામાં આવે છે, પરંતુ માત્ર સિપાઇ સંવર્ગના જેલ સહાયકોને જ સમાન બાબતમાં રોકડ વળતરની ચૂકવણી કરવામાં આવતી નથી.

ફીક્સ પગાર પર નિમણૂક પામેલ વ્યક્તિઓને ફીક્સ પગાર પર હોય ત્યાં સુધી અન્ય કોઇ ભથ્થું મળવાપાત્ર નથી. તેઓની નોકરી નિયમિત સેવા તરીકે ગણવામાં આવતી નથી. તેમજ પેન્શનપાત્ર નથી. પરંતુ પોલીસ ખાતાની જેમ જેલ ખાતાની વિશિષ્ટ પ્રકારની કામગીરી ધ્યાને લેતાં જેલ સહાયક તરીકે ફીક્સ પગાર પર કામ કરતા કર્મચારીઓને પોલીસ ખાતાના લોકરક્ષકની જેમ રૂ.૧૫૦/-લેખે જાહેર રજાના દિવસનું વળતર ચૂકવવાની સંદર્ભ ક્રમાંક(૧) ઉપરના પત્રથી જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીએ અત્રે દરખાસ્ત કરેલ.

૨. જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની ઉક્ત દરખાસ્તની કાળજીપૂર્વકની વિચારણાને અંતે જેલ સહાયકોની ફરજો અને કામગીરીનું પ્રમાણ ધ્યાને લેતાં ફિક્સ પગારથી ફરજ બજાવતા જેલ સિપાઈ(મહિલા/પુરુષ) સંવર્ગના કર્મચારીઓને બીજા - ચોથા શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસે બજાવેલ ફરજ બદલ ફરજના વળતર પેટે એક દિવસના રૂ.૧૫૦/- (રૂપિયા એકસો પચાસ પૂરા) ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ હુકમનો અમલ તા.૧૮/૧૦/૨૦૧૪થી કરવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૯/૧૦/૨૦૧૪ની તથા સરકારશ્રીની તા.૧૮/૧૦/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશંકર ઓધવાણી)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સંયુક્ત સચિવશ્રી(તિજોરી), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- સર્વે અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/ઓપન જેલ/હેડ ક્વાર્ટર સબ જેલ (જે.ઈ.જ.શ્રી મારફત)
- સર્વે અધિકારીશ્રીઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આઈ.ટી શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે શાખાઓ, ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ /શાખા સિલેક્ટ ફાઈલ